## બિલ્ડરો ઉદ્યોગપતિઓ અને ભૂમાફિયાઓએ ધાનેરા તાલુકાના સામરવાડા ગામે ગૌચરની

# કિંમતી જમીનના ખોટા દસ્તાવેજો કરી પચાવી પાડી

**મોટી સંખ્યામાં ગામ લોકોએ ભેગા મળી ધાનેરા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી કાયદેસરની કાર્યવાહી કરવા માટે માંગ કરી**

ધાનેરા તાલુકા ના સામરવાડા ગામે ગૌચર ની જમીનના ખોટા દસ્તાવેજો કરી પચાવી પડતા ગામલોકો રોષે ભરાયા છે અને ઉપર લોકો દબાણ કરી ને બેઠા છે ત્યારે તંત્ર તેમની સામે કાર્યવાહી કરવાના બદલે આંખ આડા કાન કરે છે પરંતુ તંત્ર આ બાબતે જાગે અને જોવા મળી રહી છે અને મોટી સંખ્યા માં ગામ લોકોએ ભેગા મળી ધાનેરા પ્રાંત અધિકારી ને આવેદનપત્ર આપી કાયદેસર ની કાર્યવાહી કરવા માટે





ધાનેરા ના પ્રાંત અધિકારી ને આવેદનપત્ર આપી કાયદેસર ની કાર્યવાહી કરવા માટે માંગ કરી છે સરકાર દ્વારા દરેક ગામોમાં ગૌચર માટે જમીન ફાળવવવામાં આવે છે પરંતુ જો અત્યાર ના સમય ની વાત કરવામાં આવે તો ધાનેરા તાલુકા સહીત સમગ્ર બનાસકાંઠા જિલ્લા ના દરેક ગામોની ગૌચર જમીન ગયો માટે ફાળવેલી જમીન ખુલ્લી કરાવે તેવી લોકોની માંગ ઉઠવા પામી છે કેટલાક ગામોમાં ગૌચર ની જમીન ગેરકાયદેસર દબાણ કરી ભૂમાફિયાઓ કબ્જો કરીને બેઠા છે પરંતુ ધાનેરા તાલુકા ના સામરવાડા ગામે તો દસ્તાવેજ કરી ગૌચર ની જમીન નામે કરી દીધી છે ત્યારે ગામલોકો માં ભારે રોષ ની લાગણી માંગ કરી છે.

સર્વે ન.૨૨૭ પૈકી જેનો નવો સર્વે નમ્બર ૧૮૦ તથા ૧૮૨ વાળી જમીન સામરવાડા થી ડેસસ જતા હાઈવે ઉપર આવેલી છે અને ગામથી ત્રણ કિલ્લી મીટર દૂર આવેલી છે આ રોડ ટચ જમીન ધંધા રોજગારતેમજ ઉદ્યોગો માટે કિંમતી જમીન છે જે કિંમતી જમીન ધાનેરા બિલ્ડરો ઉદ્યોગપતિઓ અને ભૂમાફિયાઓ તેમજ ખોટું કરનાર અમુક ઈસમો ભેગા મળી કાવતરા ના ભાગરૂપે ગેરકાયદેસર અને બનાવતી દસ્તાવેજો ઉભા કરી ખોટી રીતે રૂપિયા ની તગડી કામની કરવા ગૌચર ની જમીનનો ખોટી રીતે જાહેર હરાજી ની પ્રકિયા ઉભી કરી અને ગ્રામપંચાયત પાસે કોઈપણ પ્રકાર ની રેકર્ડ ન હોઈ તેમ છતાં તાલુકા વિકાશ અધિકારી તેમના સેજા માં આવતા કર્મચારીઓ ધ્વરા ઉધોગપતિઓ ભૂમાફિયાઓ સાથે મળી મોટા પ્રમાણમાં પૈસા લઈ ખોટું રેકર્ડ ઉભું કરી સ્થળ ઉપર ગૌચર ની જમીન હોવા છતાં ખોટી સનેડો બનાવી તેમજ તલાટી સરપંચ સર્કલ ઓફિસર તેમજ ટીડીઓ ના સહી સિક્કા કરાવી તેમજ ખોટી સનદો બનાવી ગૌચર ની કિંમતી જમીન પચાવી પાડેલ છે જે જમીન ઉપર સમય વીતતા બાંધકામ શરુ થતા ગામલોકો પણ ચોકી ગયા હતા ત્યારે ગામના જાગૃત નાગરિક દિનેશભાઈ વિરમભાઈ ચૌધરી ધ્વરા આ બાબતે માહિતી અધિકાર હેઠળ માહિતી માંગતા અધિકારીઓ દોડતા થયા હતા અને માહિતી આપવાનોય ઈન્કાર કરતા ગામ લોકો માં રોષ ભભૂકી ઉઠ્યો હતો અને આજે મોટી સંખ્યા માં ગામ લોકો ભેગા મળી ધાનેરા પ્રાંત અધિકારી ને આવેદન પત્ર આપી માંગણી કરી છે કે ગૌચર ની જમીન ઉપર કરેલું દબાણ તાત્કાલિક દૂર કરાવી ગૌચર ની જમીન ખુલ્લી કરાવે તેવી માંગ કરી છે.

## અરવલ્લી પોલીસ ઉંઘતી ઝડપતા આરઆરસેલની કાર્યવાહી : ત્રણ દિવસમાં બે કેસ

# અરવલ્લીમાં દારૂ અને જુગારના અડ્ડા પર આરઆરસેલની બાઝ નજર





મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લામાં દારૂ અને જુગારના અડ્ડાઓ પોલીસની રહેમ નજર સામે ધમધમી રહ્યા છે. ત્યારે બે દિવસ પહેલા બાયડમાં વર્લી મટકીનો જુગાર રમતા ત્રણ શખ્સોની અટકાય કરી વધુ તપાસ હાથ ધરી હતી. ત્યારે અરવલ્લી જિલ્લામાં દારૂની હેરાફેરી કરતા બુટલેગરોને ઝડપી લેવા આર.આર. સેલની ટિમ જિલ્લામાં સક્રિય બની છે. મોડાસાના બોલુન્દ્રા ગામની સીમમાં એક બીજાની મદદગારીથી પ્રતિબંધક વિસ્તારમાં પાસ પરમીટ વગર ઈન્ડીકા કારનં જી.જે ૧ એચ.એ ૬૫૯૫માં રૂ.૪૩.૨ હજારના અંગ્રેજી દારૂ ભરી લાવતા હતા તે દરમિયાન પોલીસની નાકાબંધી દરમિયાન કાર શંકાસ્પદ જાણતા તેની તપાસ કરતા દારૂ હોવાનું માલુમ પડતા પોલીસે રૂ.૧.૪૩ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ આરોપી વિશાલ જીતુભાઈ રાઠોડ રહે. અમદાવાદને દબોચી ગુનો રજીસ્ટર કરી નાસી છુટેલ આરોપી રાકેશ ડામોર અને રાજેસ્થાનના ઠેકાવાળાને ઝડપી લેવા તજવીજ હાથ ધરવામાં આવી છે. અરવલ્લી જિલ્લામાં દારૂનો વેપલો કરતા અને પોતાની જાતને શરીફ સમજતા બુટલેગરોની પોલીસ સાથેની સાંઠગોઠથી બે ફામ બનેલ બુટલેગરો સામે હવે ગાંધીનગર આર.આર.સેલ દ્વારા અરવલ્લી જિલ્લામાં રેડ યથાવત રહેતા સ્થાનિક પોલિસ પર પણ અનેક સવાલો ઉભા થયા છે. દારૂના કેસમાં આર.આર. સેલના હેડ.કોન્સ્ટેબલ ઈમરણખાને મોડાસા ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી તપાસ હાથ ધરી છે.

# અરવલ્લીમાં પ્રથમ તબક્કાની એકતા રથયાત્રાનું સમાપન

**૬ તાલુકાઓના ૨૧૧ ગામોને આવરી લેવાયાં : પ્રમુખ રણવીરસિંહ ડાભી : ૨૦ ઓક્ટોબરથી ૨૯ ઓક્ટોબર સુધીમાં તમામ મંડલ વિસ્તારમાં યાત્રાને ઠેર ઠેરથી આવકાર**





મોડાસા, તા.૨૯

અરવલ્લી જિલ્લામાં ૬ તાલુકાઓને આવરી લઈને પ્રથમ તબક્કાની સરદાર પટેલને ભાવાંજલી અર્પવા અને લોખંડી પુરુષના જીવન કવન અને ગૌરવ ગાથા જનજન સુધી પહોંચાડવા નીકળેલી એકતા રથયાત્રા નિર્ધારિત ૨૧૧ ગામોમાં પરિભ્રમણ કરી તેનું આજરોજ જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીની ઉપસ્થિતમાં સમાપન થયું હતું.

જિલ્લાના તમામ ૬ તાલુકાઓને આવરી લઈને જુદા જુદા ગામડાઓમાં પ્રથમ તબક્કાની એકતા યાત્રાને ઠેર ઠેરથી આવકાર સાંપડ્યો હતો. જિલ્લા સંગઠનના સહીતના કાર્યકરો, સ્થાનિક સરપંચો, સહકારી આગેવાનો તેમજ અધિકારીઓ આ રથયાત્રામાં જોડાયા હતા. જિલ્લામાં નિર્ધારિત રૂટ ઉપર જુદા જુદા રથ દ્વારા સરદાર સાહેબની પ્રતિમા ગામેગામ ભ્રમણ કરતા સ્થાનિકો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને આરતી કરી તેમજ અંતે એકતા અંગે સામુહિક પ્રતિજ્ઞા લઈ સરદાર સાહેબને ભાવાંજલી અર્પી હતી.

આજે સમાપનના દિવસે માલપુર તાલુકામાં અંકલિયા, બામણી, આંબલિયા, સરદાર ખાંટના મુવાડા, જીતપુર, અંધારીવાળી, મસાદરા, નવા,ધીરા ખાંટના મુવાડા અને ગલિયાદાંતી ગામોમાં રથનું પરિભ્રમણ થયું હતું. પ્રથમ તબક્કાની આ યાત્રા મોડાસા અને ધનસુરા તાલુકાઓમાં ૨૦ ઓક્ટોબરથી ૨૨ ઓક્ટોબર સુધી જ્યારે મેઘરજ તાલુકામાં ૨૩થી ૨૫ ઓકટોબર સુધી અને બાયડ તાલુકામાં ૨૩ થી ૨૬ ઓક્ટોબર સુધી જ્યારે ભિલોડા તાલુકામા ૨૬ થી ૨૯ અને માલપુર તાલુકામાં ૨૭ મી થી ૨૯ મી ઓકટોબર સુધી યાત્રાનું ભ્રમણ થયું હતું. યાત્રા દરમિયાન પ્રદેશ કક્ષાના પદાધિકારીઓ જીઆઈડીસી ચેરમેન બળવંતસિંહ રાજપૂત, વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ, પૂર્વ કેબિનેટ મંત્રી રમણલાલ વોરા, પ્રભારી મંત્રી રમણલાલ પાટકર સહિતના આગેવાનો પણ યાત્રામાં જોડાયા હતા. જે તે મંડલમાં જે તે તારીખોએ નિર્ધરિત રૂટ અને ગામોને આવરી લેવાતા તમામ ગામોમાંથી યાત્રાને ભવ્ય આવકાર મળ્યો હતો અને સ્વાગત થયું હતું.

## સવગઢની યુવતીનું અપહરણ કરી હત્યાની ધમકી અપાતા ૧૪ સામે ફરીયાદ

હિંમતનગર, તા. ૨૯

હિંમતનગરના બસસ્ટેન્ડ સામે હોસ્પિટલ ધરાવતા એક તબીબને બદનામ કરી તેની પાસેથી પૈસા પડાવવાના આશયથી એક યુવતીનું ૧૧ દિવસ અગાઉ અપહરણ કરી ગોંધી રાખી ૧૨ જણાએ ભેગા મળી ખુન કરી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ રવિવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે હિંમતનગરના સવગઢ વિસ્તારમાં આવેલ મદની સોસાયટીમાં રહેતા સઈદાબેન ફિરોજભાઈ શેખે નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ પાણપુરના અબ્દુલમજીક અબ્દુલસતાર મેમણ, નવાજુદીન આલમખાન પઠાણ, સિદ્ધપુરના જહીર ખોખર, પાટણના અન્ય એક ઈસમ તથા બીજા ૮ થી ૧૦ જણાએ ભેગા મળી ગત તા. ૧૮-૧૦-૨૦૧૮ના રોજ રાત્રે સઈદાબેન શેખની પુત્રી કૌશરબાને ૧૦ માસ અગાઉ તેણીના ઘરે આવી બંગલો બનાવવાની તથા રૂ. ૧૦ લાખ રોકડા આપવાની લાલચ આપી ડૉક્ટર સિકંદર રાઠોડ તથા તેના પુત્ર વિરૂદ્ધ બળાત્કારના આક્ષેપો કરીશ તો ફાયદો થશે. તેમ કહી કૌશરબાનુના અર્ધનગ્ન એડીટ કરેલા ખોટા અને બનાવટી ફોટા બ્લેકમેલીંગ કરવાના હેતુથી બનાવી તેની સાથે ડૉક્ટરની નગ્ન ક્લીપ એડીટ કરી સામુહિક દુષ્કર્મ કર્યાની વિડીયો ક્લીપ ઉતારવામાં આવી હતી.

ઉપરાંત બીજા વ્યક્તીઓ સાથે આડો સંબંધ બાંધવાના ફરીયાદમાં આક્ષેપ કરાયા છે. એટલુ જ નહી પણ સઈદાબેન તથા ડૉક્ટર સિકંદરને જાનથી મારી નાખવાની ધમકી આપી બળજબરીથી પૈસા પડાવવા માટે વિડીયો વાયરલ કરવામાં આવ્યો હતો. અને ગત તા. ૧૮ ઓક્ટોબરના રોજ કૌશરબાનુનું ખુન કરવાના ઈરાદે અપહરણ કરી લઈ જઈ ગોંધી રાખવામાં આવી હતી. તથા જાનથી મારી નાખવાની ધમકી અપાતા સઈદાબેને ૧૪ જણા વિરૂદ્ધ રવિવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેનમાં ફરીયાદ નોંધાવી હતી.

ઉલ્લેખનીય છે કે કૌશરબીબીએ ડોક્ટર સિકંદર રાઠોડ, તેમના પુત્ર પરવેજ સિકંદર રાઠોડ તથા અન્ય બે જણા વિરૂદ્ધ રવિવારે હિંમતનગર બી. ડીવીઝન પોલીસ સ્ટેશનમાં સઈદાબેને નોંધાવેલી પોલીસ ફરીયાદ અગાઉ ફરીયાદ નોંધાવતા આ મામલે પોલીસે અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# કાંકરેજ તાલુકા પંચાયતના પ્રમુખની અવિશ્વાસની દરખાસ્ત આજે પસાર કરાઈ

**કોંગ્રેસના ત્રણ સભ્યો ગેરહાજર રહ્યા**

કાંકરેજ, તા. ૨૯

કાંકરેજ તાલુકા પંચાયત માં હડકંપ કોંગ્રેસના ૧૮ જેટલા સભ્યોએ વર્તમાન પ્રમુખ વર્ધિલાલ મકવાણા સામે કરી હતી. અવિશ્વાસની દરખાસ્ત. આજે બપોરે એક વાગે તાલુકા પંચાયત કચેરી ખાતે મીટીંગ હોલમાં સભા મળી હતી. તાલુકા વિકાસ અધિકારી કાંકરેજ અનિલ ત્રિવેદી હાજર રહ્યા હતા. દરખાસ્તમાં હાથ ઊંચો કરી મત પ્રમાણે પ્રમુખ તરીકે વિશ્વાસ મત મેળવવા કોંગ્રેસના સભ્યો આતુર.... કાંકરેજ તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે ઠાકોર સમાજનું પ્રભુત્વ વધારે ૯ સભ્યો ઠાકોર સમાજના ૪, દરબાર ૩, દેસાઈ ૨, પરમાર ૧, જોષી ૧, ઠક્કર ૧, આદિવાસી કુલ કોંગ્રેસ પક્ષના ૨૧ સભ્યો ચૂંટાયેલા હતા. જેમાં ૧૮ જેટલા સભ્યોએ વર્ધિલાલ મકવાણા સામે અવિશ્વાસની દરખાસ્ત દાખલ કરવામાં આવતા હડકમ્પ મચી જવા પામ્યો હતો. ત્યારે આજે પ્રમુખ તરીકે નવો ચહેરો કોણ આવશે તે અંગે સસ્પેન્સ પરંતુ ઠાકોર સમાજના વધુ ડેલીગેટ હોવાથી પ્રમુખ તરીકે દાવેદારી ઠાકોર કરશે તેવી સંભાવના છે. જિલ્લા વિકાસ અધિકારી દ્વારા કરવામાં આવેલ હુકમનું પાલન કરી આજે તાલુકા પંચાયત પ્રમુખની સામે આવેલ અવિશ્વાસની દરખાસ્ત પસાર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી. તાલુકા વિકાસ અધિકારી અનિલ ત્રિવેદી, વર્ધિલાલ મકવાણા, પીએસઆઈ થરા, એ. કે. ભરવાડ પોલીસ સ્ટાફના માણસો દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે અને સભાનું કોરમ શરૂ કર્યુ. કાંકરેજ તાલુકાના ૨૭ સભ્યો હાજર રહ્યા હતા અને ત્રણ ગેર હાજર હતા ત્યારે અવિશ્વાસની દરખાસ્ત ૨૬ મતોથી પસાર થઈ ૨૬ સભ્યોએ હાથ ઊંચો કરી અવિશ્વાસ પસાર કરવા સંમતિ આપી હતી. જ્યારે દરખાસ્ત મંજુર ન થાય તેમાં પ્રમુખ વર્ધિલાલ મકવાણાને ફક્ત એક વ્યક્તિએ મત આપ્યો હતો. વર્ધિલાલ મકવાણા પ્રમુખ તાલુકા પંચાયતે ગુજરાત હાઈ કોર્ટ સમક્ષ ન્યાયની માંગણી કરી હતી ત્યારે આજે સભ્યોએ તેમની વિરુદ્ધ મતો આપી પોતાનો વિરોધ કર્યો હતો. જ્યારે આવતીકાલે ગુજરાત હાઈકોર્ટમાં આ બાબતે ચુકાદા ઉપર સૌ કોઈની નજર રહેશે. જો કે આ બાબતે ટીડીઓ અને પ્રમુખે મીડિયા સામે કઈ પણ કહેવાનું ટાળ્યું હતું. આજે પહેલીવાર ભારે બહુમતીથી અવિશ્વાસની દરખાસ્ત પસાર થઈ. વર્ષો બાદ કોંગ્રેસ અને ભાજપના સભ્યોએ હાથ ઊંચો કરી દરખાસ્તને પસાર કરી.



## લોકસભાની ચૂંટણીમાં એમ-૩ પ્રકારના ઈવીએમનો ઉપયોગ થશે

**મતદાન દરમ્યાન ઈવીએમ સાથે ચેડાં કરાશે તો મશીન આપોઆપ બંધ થઈ જશે : સાબરકાંઠામાં ૨૦૬૦ નવા ઈવીએમ લાવી દેવાયા**

હિંમતનગર, તા. ૨૯

વર્ષ-૨૦૧૯માં લોકસભાની ચૂંટણી યોજાનાર છે. ત્યારે તેમાં મતદાન દરમ્યાન કોઈ ગરબડ કે તેની સાથે ગેરરીતી કરવાના આશયથી અડપલા ન કરે તે માટે કેન્દ્રીય ચૂંટણીપંચ ખુબજ ચિંતીત છે. ત્યારે સાબરકાંઠામાં લોકસભાની એક બેઠક માટે નવા જ પ્રકારના એમ-૩ ઈવીએમનો ઉપયોગ કરાશે. જેના ભાગરૂપે રવિવારે હિંમતનગર ખાતે ૨૦૬૦ ઈવીએમ તથા ૧૭૦૦ કંટ્રોલ યુનિટ આવી ગયા છે.

આ અંગે જિલ્લા કલેક્ટર કચેરી સ્થિત ચૂંટણી શાખાના અધિકારી મુકેશભાઈ પરમારના જણાવાયા મુજબ કેન્દ્રીય ચૂંટણીપંચ પર ઈવીએમ અંગે જે આક્ષેપ અને પ્રતિઆક્ષેપ કરાઈ રહ્યા છે તેના કારણે ભારતની લોકશાહી માટે તે દુ:ખદ છે. અગાઉ અન્ય રાજ્યોમાં થયેલી ચૂંટણી દરમ્યાન મતદાનના સમયે ઈવીએમ-એમ-૨ પ્રકારના મશીનનો ઉપયોગ કરાયો હતો. જેમાં ગરબડ થઈ હોવાની બુમ કેન્દ્રીય ચૂંટણીપંચને મળી હતી.

ત્યારબાદ વર્ષ-૨૦૦૬ પહેલા ખરીદવામાં આવેલા એમ-૨ ટાઈપના ઈવીએમને બદલે નવા ઈવીએમ લેવાનો નિર્ણય લેવાયો હતો. જે આધારે કેન્દ્રીય ચૂંટણીપંચે એમ-૨ના બદલે નવી ટેકનોલોજીથી સજ્જ થર્ડ જનરેશનવાળા એમ-૩ ટાઈપના ઈવીએમનો ઉપયોગ કરવાનો નિર્ણય કરીને તે અંગે સરકારને જાણ કરી નવા મશીનો ખરીદવામાં આવ્યા છે.

જે આગામી લોકસભાની ચૂંટણીમાં સાબરકાંઠાની એક બેઠક માટે ઉપયોગમાં લેવાનાર ૨૦૬૦ એમ-૩ ટાઈપના ઈવીએમ તથા ૧૭૦૦ કંટ્રોલ યુનિટ હિંમતનગર કલેક્ટર કચેરીના સ્ટ્રોંગ રૂમમાં રવિવારે લાવી દેવાયા છે. જેથી આગામી દિવસોમાં યોજાનાર લોકસભાની ચૂંટણી દરમ્યાન જો કોઈ અધિકારી કે મતદાર ઈવીએમ સાથે ચેડા કરવાનો પ્રયત્ન કરશે તો તે આપોઆપ બંધ થઈ જશે. અને તે અંગે મુખ્ય ચૂંટણી અધિકારીને ખબર પડી જશે. જો કે આ નવી ટેકનોલોજીને કારણે ચૂંટણીની ફરજો બજાવતા સરકારી કર્મચારીઓની જવાબદારી વધી જશે.

# બનાસકાંઠાની જીવદયા સંસ્થાઓની વ્હારે સુરત અને મુંબઈના દાતાઓ




ડીસા, તા.૨૯

દુષ્કાળની વસમી સ્થિતિ વચ્ચે સરહદી બનાસકાંઠા જિલ્લાની ગૌશાળા અને પાંજરાપોળ સંસ્થાઓમાં આશ્રિત અબોલ પશુધનના નિભાવ માટે સુરત અને મુંબઈના દાતાઓએ ૩૫ લાખનાં દાનની સરવાણી રેલાવી જીવદયાનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે.

બનાસકાંઠામાં ચાલુ વર્ષે દુષ્કાળની સ્થતિ સર્જાઈ છે ત્યારે જીલ્લાની ૧૩૬ થી વધુ ગૌશાળા અને પાંજરાપોળ સંસ્થાઓના સંચાલકો માટે પણ કફોડી સ્થિતિ સર્જાઈ છે.આવી સ્થિતિમાં સરકારે બનાસકાંઠાના નવ સહિત રાજ્યના કુલ એકાવન તાલુકાઓને અછતગ્રસ્ત જાહેર કર્યા છે પરંતુ બનાસકાંઠાની ગૌશાળા અને પાંજરાપોળ સંસ્થાઓનાં સંચાલકો માટે સીતેર હજાર પશુઓનો નિભાવ એક યક્ષ પ્રશ્ન બની ગયો છે.આવી સ્થિતિમાં સુરત અને મુંબઈના જીવદયાપ્રેમી દાતાઓએ બનાસકાંઠાની જીવદયા સંસ્થાઓની રૂબરૂ મુલાકાત લઈ અબોલ જીવો માટે ઘાસચારો ખરીદવા ૩૫ લાખ રૂપિયા માતબર રકમના દાનની જાહેરાત કરી હતી.

બનાસકાંઠા સહિત સમગ્ર બનાસકાંઠા જીલ્લામાં ચાલુ વર્ષે નહીવત વરસાદ થતાં દુષ્કાળની સ્થતિ સર્જાઈ હોઈ ખેડૂતો સહીત ગૌશાળા-પાંજરાપોળ સંચાલકોની કફોડી હાલત થવા ગઈ છે. બનાસકાંઠા જીલ્લાની તમામ ગૌશાળા અને પાંજરાપોળ સંસ્થાઓનાં સંચાલકો માટે પણ અબોલ પશુઓનો નિભાવ કઈ રીતે કરવો તે યક્ષ પ્રશ્ન બની ગયો છે ત્યારે રાજ્ય સરકારે ફક્ત અછતગ્રસ્ત જીલ્લાઓની જાહેરાતો કરી સંતોષ માની લીધો છે પરંતુ હજુ સુધી અસરગ્રસ્તોને કોઈ સહાય મળી નથી.આવી સ્થિતિમાં પાંજરાપોળ અને ગૌશાળા સંસ્થાઓના સંચાલકો અવઢવમાં મુકાયા છે.

પાંજરાપોળ અને ગૌશાળા સંસ્થાઓના સંચાલકોએ આશ્રિત પશુધનને ઘાસચારાની સહાય માટે દાનની અપીલ કરતાં ગત રવિવારે મુંબઈ અને સુરતના દાતાઓએ બનાસકાંઠા જીલ્લાની ગૌશાળા અને પાંજરાપોળોની રૂબરૂ મુલાકાત લઈ આશ્રિત પશુઓની સ્થિતિનો જાત અભ્યાસ કર્યા બાદ પશુઓના ઘાસચારા માટે પાંત્રીસ લાખ રૂપિયાના માતબર દાનની જાહેરાત કરી હતી.

## મોડાસાના રહેણાંક, ખાનગી હોસ્પિટલો અને એસટી બસ સ્ટેશનમાં

# ઠેર ઠેર ગંદકીનું સામ્રાજ્ય, આરોગ્ય વિભાગ નિદ્રાધીન



મોડાસા, તા. ૨૯

મોડાસામાં હાલમાં રાજસ્થાનમાં ઝીકાનો કહેર છે. ત્યારે રાજેસ્થાનના સરહદી અરવલ્લી જિલ્લામાં પણ દરરોજ રાજસ્થાનથી અસંખ્ય લોકો પોતાના કામકાજ અર્થે આવતા હોય છે ત્યારે રાજસ્થાન તરફથી આવતા લોકોને શરદી કે તાવની અસર હોય એવા વ્યકિતઓને માર્ગદર્શન આપવા માટે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા એસટી બસ સ્ટેશનમાં ઝીકા વાયરસ વિશેનું માર્ગદર્શન પૂરું પડતા પોસ્ટર લગાવવામાં આવ્યા છે. આરોગ્ય વિભાગના બે માણસોને ટેબલ પર બેસાડી દેવામાં આવ્યા છે. જિલ્લા આરોગ્ય વિભાગ આટલી કામગીરી બાદ જાણે પોતાનું કામ પૂર્ણ થયાનો સંતોષ માનતું હોય એમ સ્પષ્ટ જણાઈ આવે છે. ઝીકાનો રોગ મચ્છરોના ચેપના કારણે થાય છે એ જગ જાહેર છે ત્યારે મોડાસાના એસટી બસ સ્ટેશન પરિસરમાં આરોગ્ય વિભાગના કર્મચારીઓ જ્યાં પોસ્ટર લગાવી ટેબલ પર બેસી કામગીરીનો અહેસાસ કરી રહ્યા છે ત્યાંથી માત્ર ૧૦૦ મીટર દૂર કાદવ-કિચડની અતિશય ગંદકી જામેલી જોવા મળી. ત્યારે જિલ્લા આરોગ્ય તંત્ર રાજસ્થાન તરફથી આવતા લોકોને માર્ગદર્શન માટે સમય બરબાદ કરે છે. ત્યારે એજ પરિસરમાં પથરાયેલી ગંદકી અને આરોગ્યનગરીના નામે ઓળખાતા મોડાસા વિસ્તારમાં આવેલ ખાનગી હોસ્પિટલોની આગળ પાછળ ગંધકી અને કચરાના ઢગ જોવા મળતા આવનાર દિવસોમાં ડેન્ગ્યુના અસંખ્ય કેસોમાં વધારો નોંધાય તો નવાઈ ન કહેવાય. રાજ્યમાં ઝીકા અને ડેન્ગ્યુનો રોગના મૂળમાં મચ્છરમાં હોય છે, ત્યારે મચ્છરોના ઉપદ્રવવાળી ગંદકી સાથેના દ્રશ્યો તસ્વીરમાં જોવા મળે છે.